# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

ફોન નંબર-0261-2662902, suratdeo@gmail.com , web :-www.suratdeo.org

જા.નં./મા-૨/૨૦૨૪/૧૫૭૧૧ તા.૧૯/૧૧/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની સરકારી,અનુદાનિત,ખાનગી,
પ્રાથમિક,માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ.

વિષય:- વિદ્યાર્થીઓમાં શિક્ષણ અને સંસ્કારનું સિંચન માટે "ભગવદ ગીતા પરિક્ષા" નું આયોજન બાબત.

સંદર્ભ:-ઇન્ટરનેશનલ સોસાયટી ફોર ક્રિષ્ના કોન્સીયશનેશ (ISKCON) નો પત્ર

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે "ભગવદ ગીતા પરીક્ષા" નું વિશિષ્ટ આયોજન કરવામાં આવેલ છે. તમામ શાળાઓએ આ પરીક્ષામાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તે બાબતે વિદ્યાર્થીઓને માહિતગાર કરવા આ પરીક્ષામાં વિજેતાઓને માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના વરદ હસ્તે પુરસ્કાર "પંડિત દીનદયાલ ઉપાધ્યાય ઇન્ડોર સ્ટેડિયન" ખાતે તારીખ: ૧૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ આપવામાં આવશે, આ પરીક્ષાનું આયોજન નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| પ્રથમ તબકકામાં **SVS** ૧ થી ૧૪ના ધોરણ ૮ થી ૧૨ તમામ વિદ્યાર્થીઓ જેઓ તારીખ: ૨૩-૨૪/૧૧/૨૦૨૪ના રોજ ઓનલાઇન માધ્યમથી પરીક્ષામાં ભાગ લેશે તે પૈકી પ્રથમ ૧૫૦૦૦ વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવશે.જેની યાદી **DEO** કચેરીની વેબસાઇટ પર પ્રસારિત કરવામાં આવશે.આ ૧૫૦૦૦ વિદ્યાર્થીઓને ભગવદ ગીતા આપવામાં આવશે. | | |
| પ્રથમ તબકકો<br>૨૩/૧૧/૨૦૨૪ અને ૨૪/૧૧/૨૦૨૪ | શનિવારે રાત્રે ૮: ૦૦ વાગ્યાથી<br>રવિવારે સવારે ૧૦: ૦૦ વાગ્યાથી | ઓનલાઇન (ઓપન બુક પરીક્ષા)<br>ઓનલાઇન (૫૦ ગુણ) ૧ કલાક |
| બીજા તબકકામાં પ્રથમ તબકકાના ૧૫૦૦૦ વિદ્યાર્થીઓએ નીચે આપેલ સમયે પરીક્ષા આપવાની રહેશે.૧૫૦૦૦ વિદ્યાર્થીઓ માંથી ૨૫૦ વિદ્યાર્થીઓ પંસદ કરવામાં આવશે જેની યાદી **DEO** કચેરીની વેબસાઇટ પર પ્રસારિત કરવામાં આવશે. | | |
| બીજો તબકકો<br>૦૧/૧૨/૨૦૨૪ | રવિવારે સવારે ૧૦: ૦૦ વાગ્યાથી | ઓનલાઇન પરીક્ષા (૫૦ ગુણ) ૧ કલાક |
| ત્રીજા તબકકામાં પસંદ પામેલ ૨૫૦ વિદ્યાર્થીઓને આગામી દિવસોમાં જાણ કરવામાં આવશે તે શાળામાં રૂબરૂ (ઓફલાઇન) પરીક્ષા આપવાની રહેશે. | | |
| ત્રીજો તબકકો<br>૦૮/૧૨/૨૦૨૪ | (આગામી દિવસોમાં જાણ કરવામાં આવશે)તે શાળામાં રૂબરૂ જેઇને પરીક્ષા આપવાની રહેશે. | લેખિત અને વૈકલ્પિક પ્રશ્નો આધારિત (૫૦ ગુણ) |

પુરસ્કાર:-
(૧) ૨૫૦ વિદ્યાર્થીમાંથી ધોરણ ૮ થી ૧૨ ના પ્રથમ ક્રમ મેળવનારને (કુલ ૫ વિદ્યાર્થી)
લેપટોપ-**lenovo idea slim laptop 14 inch**
(૨) ૨૫૦ વિદ્યાર્થીમાંથી ધોરણ ૮ થી ૧૨ ના દ્રિતીય ક્રમાંક મેળવનારને (કુલ ૫ વિદ્યાર્થી) **Samsung galaxy tab**
(૩) ૨૫૦ વિદ્યાર્થીમાંથી ધોરણ ૮ થી ૧૨ ના તૃતીય ક્રમાંક મેળવનારને (કુલ ૫ વિદ્યાર્થી) બેગ –**Multi-purpose Travelling Bag (Red Lemon Titan Beg)**

| શાસનાધિકારી<br>નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,<br>મહાનગરપાલિકા, સુરત | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી<br>જિલ્લા પંચાયત, સુરત | જિલ્લા શિક્ષણાધિકારી<br>સુરત, જિલ્લો-સુરત |
|---|---|---|

બિડાણ :- ઇન્ટરનેશનલ સોસાયટી ફોર ક્રિષ્ના કોન્સીયશનેશ (ISKCON) નો પત્ર

**પ્રતિ,**
**જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી,**

**સુરત જિલ્લા, સુરત**

**વિષય:** વિદ્યાર્થીઓમાં શિક્ષણ અને સંસ્કારનું સિંચન માટે "ભગવદ ગીતા પરિક્ષા"નું આયોજન

પ્રતિ શ્રી,

SVS શાળા અને ઇસ્કોન વરાછા સુરત દ્વારા વિદ્યાર્થીઓમાં શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન કરવામાં આવે તે હેતુથી "ભગવદ ગીતા પરિક્ષા" નામનું વિશિષ્ટ આયોજન કરવામાં આવી રહ્યું છે. આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ ભગવાન શ્રીકૃષ્ણના જીવનમૂલ્યો અને ભગવદ ગીતા દ્વારા પ્રેરણા પ્રાપ્ત કરીને વિદ્યાર્થીઓમાં મૂલ્યઆધારિત શિક્ષણનું પ્રસાર કરવાનું છે.

આ આયોજન **SVS ની 14 સંકુલની શાળાઓ**માં કરવામાં આવશે. આ કાર્યક્રમની વિશેષતા તરીકે, ત્રણ તબક્કામાં આયોજિત પરીક્ષાઓ દ્વારા વિદ્યાર્થીઓને પ્રવૃત્ત કરવામાં આવશે અને મુખ્ય વિજેતાઓને **શ્રીમાન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ** ના વરદ હસ્તે પુરસ્કાર “પંડિત દીનદયાલ ઉપાધ્યાય ઇન્ડોર સ્ટેડિયમ” માં આપવામાં આવશે કરવામાં આવશે.

પ્રથમ બંને તબક્કાની પરીક્ષા ઓનલાઈન ઓપન બુક રાખવામાં આવી છે. પરીક્ષા સંપૂર્ણ પણે ભગવદ ગીતા માંથી લેવામાં આવશે જેમાં વિધાર્થી પરીક્ષા સમયે સાથે ભગવદ ગીતા રાખીને પણ પરીક્ષા આપી શકે છે.

**આયોજનની વિગતો:**

1. **પ્રથમ તબક્કું:**
   - ધોરણ 8 થી 12 ના તમામ વિદ્યાર્થીઓ માટે **ઓનલાઈન ઓપન બુક પરીક્ષા**.
   - **તારીખ:** 23 અને 24 નવેમ્બર 2024, શનિવાર અને રવિવાર
   - **પરીક્ષા સમય:** શનિવારે રાત્રે 8:00 થી અને રવિવારે સવારે 10:00 થી
   - **પ્રશ્નપત્ર:** 50 ગુણનું, વૈકલ્પિક પ્રશ્નો આધારિત (સમય મર્યાદા: 1 કલાક)
   - દરેક વિદ્યાર્થીઓને **આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્ર (ઈસ્કોન દ્વારા)** આપવામાં આવશે.
2. **પ્રથમ તબક્કાના પરિણામ બાદ:**
   - 15 SVS સંકૂલ માંથી પ્રથમ **15000 વિજેતાઓની પસંદગી કરવામાં આવશે**.
   - ઇનામ રૂપે **ઈસ્કોન દ્વારા દરેક વિધાર્થી ને એ ભગવદ ગીતા** આપવામાં આવશે જે વિદેશોની વિખ્યાત કોલેજોમાં અભ્યાસ કરવામાં આવે છે. આ ભગવદ ગીતા જે તે શાળા ને સંલગ્ન 14 માંથી કોઈ પણ સંકૂલ મારફતે પ્રાપ્ત કરવાની રહેશે. 14 સંકૂલ અને દરેક સંકૂલ પ્રમાણે એક પ્રતિનિધિ એમ 14 પ્રતિનિધિ તેમના સંપર્ક સાથે સૂચિ આપવામાં આવશે તે મુજબ ભગવદ ગીતા પ્રાપ્ત કરવાની રહેશે.
   - આ 15000 વિધાર્થી ના નામ ની યાદી વેબસાઇટ પર પ્રસારિત કરવામાં આવશે.
   - આ 15000 વિધાર્થીઓને ઉપરોક્ત જણાવેલ સ્ટેડિયમ માં 11 ડિસેમ્બર – ગીત જયંતીના દિવશે આવવાનું રહેશે.

For International Society
For Krishna Consciousness (ISKCON)

Authorised Signatory





ISKCON
VARACHHA
International Society for Krishna Consciousness
Founder Acharya : His Divine Grace A.C. Bhaktivedanta Swami Prabhupada
Opp. Bhawani Mata Mandir, Matawadi Circle, L.H. Road, Varachha, Surat-395 006.
Mob. 98257 26026 I Email : iskconvarachha@gmail.com

**4. બીજું તબક્કું:**

- પસંદ કરાયેલા 15000 વિદ્યાર્થીઓ માટે **ઓનલાઈન પરીક્ષા.**
- **તારીખ:** 1 ડિસેમ્બર 2024 (રવિવાર)
- **પરીક્ષા સમય:** સવારે 10:00
- **પ્રશ્નપત્ર:** 50 ગુણનું (સમય મર્યાદા: 1 કલાક)

બીજા તબક્કા બાદ:-

- **15000 વિધાર્થી માંથી પ્રથમ 250 વિધાર્થીઓની પસંદગી કરવામાં આવશે.**
- **250 વિધાર્થી ને ત્રીજા તબક્કાની પરીક્ષા આપવા માટે પ્રમાણિત કરવામાં આવશે.**
- **આ 250 વિધાર્થી ની યાદી વેબસાઇટ પર પ્રસારિત કરવામાં આવશે.**

**5. ત્રીજું તબક્કું:**

- **250** વિદ્યાર્થીઓ માટે **ઓફલાઈન પરીક્ષા.**
- **તારીખ:** 8 ડિસેમ્બર 2024 (રવિવાર)
- **પરીક્ષા સમય: સવારે 10:00 વાગ્યે**
- **સ્થાન:** જે બી ડાયમંડ & કાર્પ અથવા પી.પી. સવાણી સ્કૂલ અઠવા એલ પી સવાણી સ્કૂલ (આગામી દિવસોમાં જાણ કરવામાં આવશે).
- **પ્રશ્નપત્ર:** લેખિત અને વૈકલ્પિક પ્રશ્નો આધારિત (50 ગુણ).

ત્રીજા તબક્કા બાદ:

- **250 વિધાર્થી માંથી પરિણામ સ્વરૂપે ધોરણ 8 થી 12 ના વિધાર્થીમાંથી, ધોરણ અનુસાર પ્રથમ ત્રણ એમ કરીને કુલ 15 વિધાર્થી નિમણૂક કરવામાં આવશે.**
- **આ વિધાર્થીઓને 11 ડિસેમ્બર – ગીતા જયંતીના દિવશે ફરજિયાત આવવાનું રહેશે.**
- **ગીતા જયંતીના દિવસે 15000 વિધાર્થીઓની અને અનેક વિખ્યાત મહેમાનોની મધ્યે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ના વરદ હસ્તે સ્ટેજ પર પુરસ્કૃત કરવામાં આવશે.**

**વિજેતાઓ માટે પુરસ્કાર:**

**ધોરણ 8 થી 12 માં ધોરણ અનુસાર પ્રથમ ત્રણ ક્રમાંક માટે:**

- પ્રથમ ક્રમાંક: લેપટોપ - Lenovo Idea Slim Laptop (14 inch)
- દ્વિતીય ક્રમાંક: ટેબલેટ - Samsung Galaxy Tab
- તૃતીય ક્રમાંક: બેગ - Multi-purpose Travelling Bag (Red Lemon Titan Bag)

આ કાર્યક્રમ વિદ્યાર્થીઓના જીવનમાં ભગવત ગીતાની શિક્ષાઓની દિવ્ય અખંડ જ્યોતિ પ્રગટ થશે એવી અમે આશા રાખી છીએ.

**સંકલન:**
ઈસ્કોન વરાછા સુરત & SVS શાળા, સુરત

For International Society
For Krishna Consciousness (ISKCON)

Authorised Signatory